## વરાછામાં પતિએ માર મારતા સમાજમાં બદનામીના ડરથી બે સંતાનની માતાનો આપઘાત

સુરત : મળતી માહિતી મુજબ વરાછા વિસ્તારમાં આવેલી વર્ષા સોસાયટી વિ-૨માં રહેતા જયંતિભાઈ પગી ખાનગી કંપનીમાં ઇલેક્ટ્રિશિયન તરીકે કામ કરે છે. તેઓ મુળ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના વેરૈયા ગામના વતની છે. તેઓ પત્ની ૨૩ વર્ષીય ભારતી, એક પુત્ર અને એક પુત્રી સહિતના પરિવારનું ભરણપોષણ કરે છે. જયંતિભાઈના પત્ની ભારતી સાથે અવારનવાર નાની-નાની બાબતોને લઈ ઘરમાં ઝઘડા થતા હતા. દરમિયાન ચારેક દિવસ પહેલા પણ જયંતિભાઈનો પત્ની સાથે કોઈક બાબતને લઈ ઝઘડો થતાં પત્ની સાથે મારઝૂડ કરી હતી. જેની જાણ સમાજમાં થવા લાગી હતી. જેથી ભારતીએ સમાજમાં બદનામીના ડરથી ગઈકાલે રાત્રે ઘરમાં પંખાના હુંક સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે વધુ આગળની તપાસ કાપોદ્રા પોલીસ કરી રહી છે.

## કાપોદ્રામાં યુવકે નશાની હાલતમાં ચોથા માળેથી કૂદકો મારતા મોત

સુરત : મૂળ તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના વતની અને હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલી ગાયત્રી સોસાયટીમાં ૨૨ વર્ષીય આઝાદ કૃષ્ણાભાઈ વસાવા રહેતો હતો અને હીરાનું પેકિંગ કરવાનું કામકાજ કરતો હતો. ગત ૨૪મી માર્ચના રોજ રાત્રે આઝાદ ઘરના ચોથા માળેથી કૂદકો મારતા ગંભીર ઈજાને પગલે સારવાર માટે ૧૦૮માં સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન ગઈકાલે રાત્રે તેનું મોત નિપજ્યું હતું. આઝાદે નશાની હાલતમાં કૂદકો માર્યો હોવાનું પરિવારે જણાવ્યું હતું. આ અંગે વધુ તપાસ કાપોદ્રા પોલીસ કરી રહી છે.

## કોરોનામાં ખરીદેલા માસ્કનો ચેક રિટર્ન થતાં સજા

સુરત:કોરોનાની મહામારી વખતે રૂા.૨૭.૯૨ લાખની કિંમતના ૧.૩૫ લાખના માસ્ક ખરીદી પેટે આપેલાં ચેક રિટર્ન કેસમાં આરોપી અરવિંદકુમાર જીવરાજભાઈ ભાયાણી (જય સિધ્ધનાથ મહાદેવ ટેક્સટાઇલના માલિક)ને કોર્ટે એક વર્ષની સજા ફટકારી હતી. આરોપીએ ફરિયાદી અંકુર ગોયેલ પાસેથી માસ્કનો જથ્થો ખરીદ્યો હતો. જેનાં પેમેન્ટ પેટે બે ચેકો ફરિયાદીને આપ્યાં હતાં. જે ચેકો રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ નરેશ ગોહિલ મારફતે બે અલગ અલગ ચેક રીટર્નના કેસ કોર્ટમાં કર્યા હતા. આ કેસમાં લાંબા સમય બાદ પોલીસે આરોપીને પકડી કોર્ટમાં હાજર કરાયો હતો. આરોપીને કોર્ટ કસ્ટડીમાં મોકલી અપાયો હતો. ત્યારબાદ જામીન પર મુક્ત થતાં ફરી રફૂચક્કર થઇ ગયો હતો. છેવટે કોર્ટે આરોપીની ગેરહાજરીમા બંને કેસની ટ્રાયલ ચલાવી આરોપીને એક-એક વર્ષની સજા અને બંને ચેકની રકમ વ્યાજ સાથે ચુકવવા હુકમ કર્યો હતો.

## સચિનમાં નાના-નાની સાથે રહેતી તરુણીનો ફાંસો ખાઈ આપઘાત

સુરત : મૂળ ઉત્તર પ્રદેશ ગોરખપુરના વતની અને હાલ સચિન જીઆઇડીસી ખાતે આવેલ મહાલક્ષ્મી રેસિડેન્સીમાં 17 વર્ષીય કાજલ દિલીપભાઈ ગૌતમ નાના-નાની સાથે રહેતી હતી. કાજલ ત્રણેક મહિના પહેલા જ વતનથી સુરત નાના-નાની પાસે આવી હતી. કાજલે ધોરણ સાત સુધીનો અભ્યાસ કર્યો છે. ગઈકાલે રાત્રે કાજલે રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કાજલે કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે. આ અંગે વધુ આગળની તપાસ સચિન જીઆઇડીસી પોલીસ કરી રહી છે.

# પુણાની અર્જુન ઈન્ડસ્ટ્રીમાં સાડીના યુનિટમાં આગ

**સાડીના** યુનિટમાં કેમિકલયુક્ત મટિરિયલ હોવાથી આગ ઝડપથી પ્રસરી

સુરત : પુણાગામ સ્થિત અર્જુન ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં આગ ફાટી નીકળી હતી. આગ લાગવાની સાથે જ ધુમાડાના ગોટેગોટા આખા યુનિટ તથા વિસ્તારમાં ફેલાઈ જતાં આસપાસના લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. સાડીનાં આ યુનિટમાં પર ટિક્કી લગાડવા સાહિતની કામગીરી ચાલે છે.

જો કે સવારનાં સમયે તે બંધ હાલતમાં હોવાથી સ્ટાફ પણ આવ્યો ન હતો. વધુમાં કેમિકલયુક્ત મટીરિયલ હોવાને કારણે આગ ગણતરીની મીનિટોમાં જ ભીષણ બની ગઈ હતી. સ્થાનિકોએ બનાવ અંગે જાણ કરતા સરથાણા, પુણા, ડુંભાલ, માનદરવાજા, કાપોદ્રા સહીત પાંચ અલગ અલગ ફાયર સ્ટેશનોથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગ પર કાબુ મેળવવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. વધુમાં ફાયર સબ ઓફિસર કિરણ પ્રવિણ ચૌધરીએ જણાવ્યું હતું કે, ચોથા માળે સાડીઓ પર ટિક્કી લગાડવાનું ગોડાઉન હતું. ત્યાં આગ લાગી હતી.

યુનિટમાં ધુમાડાની માત્રા ખુબ જ હોવાથી ફાયર ફાયટરોએ બી.એસ.એફ માસ્ક પહેરીને તેમાં પ્રવેશ કર્યો હતો. વધુમાં ચોથો માળ હોવાને કારણે ફાયર બ્રિગેડની ટીમ હાઈડ્રોલિક પ્લેટફોર્મ સાથે લઈને પહોંચી હતી. જોકે તે ઉપયોગ કરવાની જરૂર પડી ન હતી.

અંદાજે પાચ કલાકની જહેમતે આગ ઉપર કાબુ મેળવી લેવાયો હતો. જો કે આગ લાગવાનુ કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યુ ન હતું.

# આયાતી યાર્ન પર ADD મુદ્દે સોમવારે વિવર્સની સભા

**ફોગવા** આયોજિત 4000 વિવર સભામાં હાજર રહેશે

સુરત : મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધની સુરતની વિવિંગ ઈન્ડસ્ટ્રી પર અસર અને DGTR દ્વારા નાયલોન, વિસ્કોસ અને સ્પાઈન્ડેક્સ યાર્ન પર એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાગુ કરવાની ભલામણ મુદ્દે

ફેડરેશન ઓફ ગુજરાત વિવર વેલફર એસોસિયેશન (FOGWA) દ્વારા આજે તમામ ટેક્સટાઇલ એસોસિએશન સાથે બેઠક યોજવામાં આવી હતી. આ મીટિંગમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. એ મુજબ તા. 30/03/2026, સોમવારના રોજ સાંજે 4:00 થી 6:00 વાગ્યા સુધી તમામ એસોસિએશન સાથે મળીને વિવર્સની એક વિશાળ જાહેર સભા યોજશે. આ મીટિંગમાં ટેક્સટાઇલ ઉદ્યોગની હાલની પરિસ્થિતિ અને તકલીફો અંગે ચર્ચા કરીને મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે.

30 માર્ચ સોમવારે રઘુવીર સ્કારલેટ માર્કેટ, DMD રોડ, સારોલી ખાતે સભા યોજાશે. ફોગવાના પ્રમુખ અશોક જીરાવાળાએ જણાવ્યું હતું કે, ફેડરેશન ઓફ ગુજરાત વિવર વેલ્ફર એસોસિએશન દ્વારા રેપિયર જેકાડ વિવર એસોસિએશન, સુરત એરજેટ વિવર એસોસિએશન, વોટરજેટ વિવર્સ એસોસિએશન, લસકાણા વિવર એસોસિએશન, કિમ પીપોદરા વિવર્સ એસોસિએશન, બમરોલી વિવર્સ એસોસિએશન, પાંડેસરા વિવર્સ એસોસિએશન, જોળવા વિવર્સ એસોસિએશન, સચિન હોજીવાલા એસોસિએશન, પરબ-ઉભેળ વિવર એસોસિએશન, સાયણ વિવર એસોસિએશનના મળી કુલ 4000 વિવર ભેગા થશે.

### એસોસિએશનની તાકીદની બેઠક યોજાઈ

વિસ્કોસ ફિલામેન્ટ યાર્ન પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાદવા માટે ડિજીટીઆર દ્વારા કેન્દ્રના નાણામંત્રાલયને કરાયેલી ભલામણ બાદ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં ચિંતા અને અસંતોષનું વાતાવરણ સર્જાયું છે. આ મુદ્દે શનિવારે વિસ્કોસ વિવર એસોસિએશનની તાત્કાલિક બેઠક મળી હતી, જેમાં ઉદ્યોગકારોએ એકમતથી આ નિર્ણયનો વિરોધ નોંધાવ્યો હતો. વિવરોએ રજૂઆત કરી હતી કે, વિસ્કોસ યાર્ન પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાગુ કરવાથી ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર વધારો થશે, જેના કારણે સ્થાનિક ઉદ્યોગ પર ગંભીર અસર પડશે. એસોસિએશને કેન્દ્રિય નાણામંત્રાલય અને ટેક્સટાઈલ મંત્રાલયને પત્ર લખીને જણાવ્યું છે કે હાલનો નિર્ણય વ્યવહારૂ નથી અને તેના પર પુનર્વિચાર કરવો જરૂરી છે.

### એક ટ્રક બંધ પડીને સરદાર પુલ જામ



સુરત દેશના સૌથી ઝડપથી વિકસતા શહેર પૈકીનું એક છે તેમ છતાં પણ અહીં એક ટ્રક બંધ થાય તો વાહનોની કતાર લાગી જાયે તેવી સ્થિતિ ઊભી થાય છે ત્યારે શનિવારે સરદારપુલ પર આવી જ એક ઘટના બની હતી. **(તસવીર : હેમંત સતીષ જાદવ)**

# સુરતમાં ભાજપ દ્વારા ચૂંટણીલક્ષી મંથન

**આવતીકાલે** 'મન કી બાત ટિફિન બેઠક' યોજાશે

સુરતઃ સુરતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા દક્ષિણ ગુજરાતમાં વિધિવત રીતે ચૂંટણી પ્રચારનાં શ્રીગણેશ કરવામાં આવ્યાં છે. સરસાણાના પ્લેટિનમ હોલ ખાતે આયોજિત દક્ષિણ ઝોનની મહત્ત્વની બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં ચૂંટણીલક્ષી મંથન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સુરત શહેર-જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના 8 જિલ્લાના અંદાજે 1000 જેટલા હોદ્દેદારો અને અપેક્ષિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટે જણાવ્યું કે, આગામી અઠવાડિયામાં ચૂંટણી જાહેર થવાની શક્યતાઓને જોતાં ભાજપે સંગઠનાત્મક માળખું મજબૂત કરી દીધું છે. વર્ષ-2021ની જેમ ફરી એકવાર ભવ્ય વિજય મેળવી નવો ઈતિહાસ રચવાના ધ્યેય સાથે કાર્યકર્તાઓને બૂથ સ્તર સુધી સક્રિય થવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચૂંટણીની રણનીતિના ભાગરૂપે આવતીકાલે 29મી તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમ નિમિત્તે રાજ્યના 600થી વધુ મંડળોમાં 'મન કી બાત ટિફિન બેઠક'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દરેક બૂથમાંથી પાંચ-પાંચ કાર્યકર્તાઓ સહભાગી થશે.

# હીરા કંપનીઓ ડાયમંડ બુર્સમાં જ ઓફિસ શરૂ કરશે

**ખરીદી**-વેચાણની સમગ્ર પ્રક્રિયા પણ સુરત ડાયમંડ બુર્સમાંથી જ સંચાલિત કરવામાં આવશે

સુરત : સુરત ડાયમંડ બુર્સ ખાતે ડાયમંડ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ સાથે એક મહત્વપૂર્ણ મીટીંગ યોજાઈ હતી, જેમાં SDB માં વહેલીતકે ઓફીસ શરુ કરવાનું આયોજન, ઈન્ડસ્ટ્રીના વિકાસ, ભવિષ્યની યોજના અને ટ્રેડિંગ સિસ્ટમને વધુ સુવ્યવસ્થિત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સુરત ડાયમંડ બુર્સના વાઈસ ચેરમેન લાલજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, મીટીંગ દરમિયાન સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો કે ડાયમંડ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ સુરત ડાયમંડ બુર્સમાં જ પોતાની ઓફિસ શરૂ કરશે અને પોતાનો સ્ટોક અહીં જ ઉપલબ્ધ રાખશે. આ સાથે બ્રોકર્સ દ્વારા ડાયમંડની ખરીદી-વેચાણની સમગ્ર પ્રક્રિયા પણ સુરત ડાયમંડ બુર્સમાંથી જ સંચાલિત કરવામાં આવશે. સાથે સાથે, સુરત ડાયમંડ બુર્સ ખાતે ઉપલબ્ધ અદ્યતન સેફવોલ્ટ સુવિધાનો ઉપયોગ કરીને મેન્યુફેક્ચરર્સ દ્વારા માલને અહીં જ સુરક્ષિત રીતે સંગ્રહિત રાખવામાં આવશે. આ નિર્ણયથી ડાયમંડ ટ્રેડિંગ પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત, કેન્દ્રિત અને સુરક્ષિત બનશે તથા સમગ્ર ઈન્ડસ્ટ્રી માટે વિશ્વસનીય ટ્રેડિંગ ઈકોસિસ્ટમ ઊભી થશે.

લાલજીભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, "સુરત ડાયમંડ બુર્સમાં મેન્યુફેક્ચરિંગ અને ટ્રેડિંગની તમામ પ્રવૃત્તિઓને એક જ સ્થળે કેન્દ્રિત કરવાથી ઈન્ડસ્ટ્રીને મોટી સુવિધા મળશે.

# ઉત્તરપ્રદેશના રાજેશ ગોવિંદ રાયના અંગદાનથી ચારને નવજીવન મળશે

**નવી** સિવિલ થકી કુલ ૯૩મું સફળ અંગદાન



સુરતઃ ઓર્ગન ડોનર સિટી તરીકે ઓળખ ધરાવતા સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં ૯૩મુ સફળ અંગદાન થયું છે. મૂળ ઉત્તર પ્રદેશના ગ્રામ પૌની પોસ્ટ નઈબજાર ચંદોલીના ૩૭ વર્ષીય બ્રેઈનડેડ રાજેશ ગોવિંદ રાયના પરિવારજનોએ માનવતાવાદી અભિગમ સાથે સ્વજનના અંગદાનનો નિર્ણય લઈને હૃદય, લીવર અને બે કિડનીનું દાન કરતાં ચાર જરૂરિયાતમંદોને નવજીવન મળશે.

પ્રાપ્ત વિગતો અનુસાર નવસારી ખાતે રહીને વેલ્ડરનો વ્યવસાય કરતા રાજેશ રાય ૨૪ માર્ચે સાંજે ૫ વાગ્યે નવસારી હાઈવે પર બાઈક ચલાવતા અચાનક પડી ગયા હતા. કોઈ અજાણ્યા દ્વારા ૧૦૮ બોલાવી નજીકના નવસારીના સિવિલ હોસ્પિટલ, બાદ નવી સિવિલ હોસ્પિટલ સુરતમાં રિફર કરવામાં આવ્યા હતા.

ગંભીર હાલત હોવાથી આઈસીયુ શિફ્ટ કરી અને તેમની સારવાર ચાલતી હતી. 25 માર્ચે આર.એમ.ઓ. ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડિયા, ન્યૂરોલોજિસ્ટ ડો.જય પટેલ, ન્યૂરોસર્જન ડો.કેયુર પ્રજાપતિએ બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. બાદ આર.એમ.ઓ. ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડિયા, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપાધ્યક્ષ ઈકબાલ કડીવાલાએ તેમનાં માતા-પિતા તથા પરિવારના સભ્યોને અંગદાનનું મહત્ત્વ સમજાવતાં તેઓએ ભારે હૈયે સહમતિ આપી હતી. તેમના પિતા ગોવિંદ રાય તથા માતા ફુલમતી તથા પત્ની સરિતા દેવીએ કહ્યું કે, અંગદાનથી કોઈનું જીવન બચાવી શકાતું હોય તો અમારો રાજેશ કોઈના શરીરમાં જીવંત રહેશે.

# સુરતની 11 પોસ્ટ ઓફિસ વડિલો માટે પીડાદાયક બની

**સુરતની** 57 પોસ્ટ ઓફિસમાંથી 11 ગ્રાઉન્ડ ફ્લોરને બદલે પહેલા માળે હોવાથી સિનિયર સિટિઝનને દાદરા ચઢવામાં મુશ્કેલી પડે છે

સુરતઃ સુરતની 11 પોસ્ટ ઓફિસમાં પહોંચવું સિનિયર સિટિઝન માટે પીડાદાયક બન્યું છે. અહીં લિફ્ટ કે સ્લોબની વ્યવસ્થા ન હોવાથી અહીં પહોંચવું મુશ્કેલ બન્યું છે.

સુરતની 57 પોસ્ટ ઓફિસમાંથી 11 ગ્રાઉન્ડ ફ્લોરને બદલે પહેલા માળે હોવાથી સિનિયર સિટિઝનને દાદરા ચઢવામાં મુશ્કેલી પડે છે.

સુરતના જાગૃત નાગરિકની ફરિયાદને પગલે પોસ્ટ માસ્ટર જનરલ વડોદરાએ આ ફરિયાદ સ્વીકારી પ્રશ્નનો ઉકેલ લાવવા ખાતરી આપી છે. સુરતના જાગૃત નાગરિકની પાઠવવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, સુરત વિભાગમાં કુલ 57 પોસ્ટ ઓફિસ છે, જેમાંથી 12 વિભાગીય ઇમારતોમાં અને 45 ભાડાનાં મકાનોમાં કાર્યરત છે. આમાંથી, 46 પોસ્ટ ઓફિસ ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત છે અને સામાન્ય રીતે અવરોધમુક્ત છે, જે વરિષ્ઠ નાગરિકો માટે સુલભતા સુનિશ્ચિત કરે.

### પોસ્ટલ વિભાગ માટે સુરત હજી પછાત PMG ઓફિસ સુરતમાં શરૂ કરવા માંગ

સુરતના જાગૃત નાગરિકે કહ્યું હતું કે, સુરત ભલે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું શહેર હશે. નીતિ આયોગ માટે મેન્યુફેક્ચરિંગનું હબ સમાન શહેર હશે. પણ પોસ્ટલ વિભાગની દૃષ્ટિએ સુરત હજી પછાત શહેર છે. દક્ષિણ ગુજરાત અંદાજે 2 કરોડની વસતી ધરાવતો વિસ્તાર, અંકલેશ્વરથી વાપી અને સુરતથી સોનગઢ સુધી ફેલાયેલો છે. હજી પણ વડોદરાથી સંચાલિત થાય છે. સુરતે પોસ્ટલ સેવા સુધાર માટે વડોદરા PGM ઓફિસ પર આધાર રાખવો પડે છે. આટલા સમૃદ્ધ શહેરમાં દક્ષિણ ગુજરાતની પોસ્ટ માસ્ટર જનરલની વિભાગીય ઓફિસ હોવી જોઈએ. દક્ષિણ ગુજરાતને વડોદરા પોસ્ટલથી મુક્ત કરવું જોઈએ.

# કમાવવા સક્ષમ હોય તો પણ ભરણપોષણ આપવું પડે

**નવસારીને** પત્નીને ત્રાસ આપનાર વેપારીને વચગાળાનું ભરણપોષણ ચૂકવવા કોર્ટનો આદેશ

સુરતઃ નવસારીમાં રહેતા કાજલનાં લગ્ન સુરતનાં જય સાથે વર્ષ ૨૦૧૦માં થયાં હતાં. લગ્નજીવન દરમિયાન બે સંતાનનાં માતાપિતા બન્યા હતા. ત્યારબાદ નાની મોટી બાબતે ઝઘડો થતો હોય, અરજદાર પત્નીના પતિના માતા-પિતા પરિણીતાને પનોતી, કામચોર અને નવસારીની છોકરી લવાય જ નહીં તેમ જણાવી અપમાન કરતા હતા તેમજ સામાવાળાએ છૂટાછેડાની માંગ સાથે પરિણીતાને ઘરમાંથી કાઢી મૂકી હતી. અરજદાર પત્નીએ વકીલ પ્રીતિ જોષી મારફતે નવસારી ફેમિલી કોર્ટમાં ભરણપોષણ મેળવવા માટેની અરજી દાખલ કરી હતી. આ દરમિયાન અરજદાર પત્નીએ પોતાના તથા બંને બાળકના વચગાળાના ભરણપોષણ મેળવવા માટેની અરજી ચાલુ કામમાં રજૂ કરી હતી. જે અરજીના કામે અરજદાર તરફે એડવોકેટ પ્રીતિ જોષીએ દલીલો કરી હતી કે, અરજદાર પત્ની કોઈ આવક મેળવતા નથી, બંને બાળક અરજદાર પત્ની પાસે છે, સામાવાળા બાળકનું પણ ભરણપોષણ કરતાં નથી કે અભ્યાસને લગતો કોઈ ખર્ચ કરતા નથી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ નવસારી ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજ ડો. વી.સી. માહેશ્વરીએ રજદાર પરીણીતા અને બાળકોના વચગાળાની ભરણપોષણની અરજી મંજૂર કરી અરજદાર પત્ની અને બાળકોને કુલ રૂપિયા ૪૦,૦૦૦ ચૂકવવા હુકમ કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### પોસ્ટલ ફોરમની પ્રથમ બેઠક ખ્રિસ્તીના અધ્યક્ષપદે યોજાઈ



સુરતઃ પોસ્ટલ ફોરમના સભ્યો માટે વર્ષના ૨૦૨૬ની પ્રથમ બેઠક તા. ૨૩મીના શુક્રવારે બપોરે ચાર કલાકે અત્રેના મહિધરપુરા હેડ પોસ્ટ ઓફિસમાં સિનિયર પોસ્ટ માસ્તર શ્રી આઇ. એન. ખ્રિસ્તીના અધ્યક્ષપદે તથા ડેપ્યુટી પોસ્ટ માસ્ટર શ્રી એસ એસ વાય પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં પોસ્ટલ ફોરમના સભ્યો સર્વયુસુફ ગુજરાતી, કમલેશ પારેખ, શાંતિલાલ લાડવીયા, સંદિપ ચલકવાલા અને અહેમદી રંગવાલા હાજર રહ્યા હતા. પ્રારંભમાં પોસ્ટલ ફોરમના સક્રિય સભ્ય સ્વ. રમેશ સરસિયાના નિધન બદલ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને શોકદર્શક ઠરાવ પસાર કરાયો હતો.

### સુટેક્ષ બેંક અને સાયબર સેલ દ્વારા સાયબર સિક્યુરિટી અવેરનેસ કાર્યક્રમ



સુરતઃ દક્ષિણ ગુજરાતની અગ્રગણ્ય સહકારી બેંક ધી સુટેક્ષ કો.ઓ.બેંકે સુરત પોલીસ સાયબર સેલના સહયોગથી સાયબર સિક્યુરિટી અવેરનેસ કાર્યક્રમનું આયોજન તા.૨૫-૩-૨૦૨૬ના રોજ સીંગાપુરી વાડી, સુરત ખાતે કર્યું હતું. જેમાં બેંકના સિનિયર સિટિઝન ગ્રાહકોને સાયબર પોલીસ દ્વારા ડિજિટલ એરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ વગેરે વિષય ઉપર સમજ આપવામાં આવી હતી. બેંકના ચેરમેન કમલ વિજય તુલશ્યાને એ.સી.પી. શ્વેતા ડેનિયલ્સ તથા પી.આઈ. રાણપરીયાનો સેમિનારના સફળ આયોજન બદલ આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે અગ્રણી જિતેન્દ્ર વખારિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

### અપમૃત્યુ નિવારણ સહાય સંસ્થા દ્વારા રાણી નાયકીદેવી કાર્યશાળાનું આયોજન



સુરતઃ અપમૃત્યુ નિવારણ સહાય અને સુરત સીટી પોલિસનાં સંયુક્ત ઉપક્રમે નવરાત્રિના પાવન અવસરે "રાણી નાયકીદેવી કાર્યશાળા"નું આયોજન શ્રી જલારામ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતુ. સુરતની ૨૧ શાળાઓમાંથી આશરે ૭૦૦ બાલિકાઓએ ભાગ લઈને આત્મસુરક્ષા, આત્મવિશ્વાસ અને જાગૃતિ અંગે સઘન તાલીમ મેળવી હતી.એસીપી મિનિ જોસેફ અને શી ટીમે બાલિકાઓને સહાય કેવી રીતે મેળવવી તે અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતુ. પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે ઉપસ્થિત રહી બાલિકાઓને પ્રેરણા આપી અને આયોજનની પ્રશંસા કરી હતી.વધુમાં અ.નિ.સ. પ્રમુખ ગીતા શ્રોફ તથા તેમની ટીમે પ્રોજેક્ટ કોઓર્ડિનેટરો અને અનેક વોલન્ટિયર્સના સંકલનથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

### વવિયાલા પ્રાથમિક શાળાનાં બાળકોએ હોટેલની મુલાકાત લીધી




સુરત : ગરુડેશ્વર તાલુકાની પ્રાથમિક શાળા વવિયાલાના બાલવાટિકા તેમજ ધોરણ એકથી પાંચના ભૂલકાઓને ચૈત્રી નવરાત્રિ નિમિત્તે કેવડિયા કોલોની ખાતે ભોજન આપવામાં આવ્યું હતું. ભોજન કર્યા બાદ સંગીત ખુરશી, આદિવાસી નૃત્ય, ગરબા કરાવવામાં આવ્યા હતા. પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરેલા ભૂલકાઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ભોજન બાદ આઈસ્ક્રીમ, બિસ્કીટ ચોકલેટ તેમજ ડોનટની લિજ્જત બાળકોએ માણી હતી. બાળકોમાં અકલ્પનીય આનંદ જોવા મળ્યો હતો. વવિયાલાના પ્રાથમિક શાળાના શિક્ષિકા ભાવનાબેન ચૌધરીના આયોજનમાં કાર્યક્રમ યોજાયો હતો.

### રતનવાવ પાટીદાર સમાજ દ્વારા ક્રિકેટ લીગ સિઝન-5નું આયોજન

સુરત : રતનવાવ પાટીદાર લીગ - સીઝન 5 ના ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે આ ટુર્નામેન્ટ તારીખ 29 માર્ચ, રવિવારના રોજ સાંજે છ કલાકે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ ખાસ હાજર રહેશે.

### SMCA દ્વારા અયોધ્યા-પ્રયાગરાજ-વારાણસીની આધ્યાત્મિક યાત્રા સફળ



સુરત : સુરત મેડિકલ કન્સલ્ટન્ટ્સ એસોસિએશન (SMCA) દ્વારા તાજેતરમાં અયોધ્યા, પ્રયાગરાજ અને વારાણસી ધામોની આધ્યાત્મિક યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રામાં સભ્યો અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. યાત્રા દરમિયાન શ્રી રામ જન્મભૂમિ, ત્રિવેણી સંગમ અને કાશી વિશ્વનાથ મંદિર ખાતે ભક્તિભાવથી દર્શન-પૂજન કરવામાં આવ્યું હતુ. સમગ્ર યાત્રામાં આધ્યાત્મિક આનંદ અને સહકારનું વાતાવરણ રહ્યું હતુ. પ્રમુખ ડો. નિકુંજ વિઠલાણીએ યાત્રાને સભ્યો વચ્ચે એકતા અને આધ્યાત્મિક વિકાસ માટે મહત્વપૂર્ણ ગણાવી, ભવિષ્યમાં વધુ કાર્યક્રમો યોજવાની વાત કરી હતી. સચિવ ડો. હિરલ શાહે સમગ્ર આયોજનને ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતુ.